આજીવન કેદની સજા પામેલા કેદીઓની સજા માફી બાબત...

ગુજરાત સરકાર
ગૃહ વિભાગ
ક્રમાંકઃ HD/HCA/e-file/8/2025/4512/J
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:-૦૮/૧૧/૨૦૨૫.

વંચાણે લીધાઃ

૧. નામ.સુપ્રિમકોર્ટ, ન્યુ દિલ્હી ખાતે દાખલ સુઓ મોટો રીટ પીટીશન(ક્રિમી.)નં.૪/૨૦૨૧ 'In Re Policy Strategy for Grant of Bail'માં નામ.સુપ્રિમકોર્ટનો હુકમ, તા.૧૮/૦૨/૨૦૨૫,

૨. કાયદા વિભાગનો અભિપ્રાય, તા.૨૬/૦૯/૨૦૨૫

પરિપત્ર:

આજીવન કેદની સજા પામેલ કેદીઓ કોરા ૧૪ વર્ષની સજા પુરી કરે ત્યારે બી.એન.એસ.એસ.૨૦૨૩ની કલમ-૪૭૩ અને બી.એન.એસ.એસ.૨૦૨૩ની કલમ-૪૭૫ હેઠળ તેઓની સજા માફીની અરજી પર વિચારણા કરવા બાબતે નામ.સુપ્રિમકોર્ટ ખાતે ચાલી રહેલ સુઓ મોટો રીટ પીટીશન(ક્રિમી.)નં.૪/૨૦૨૧'In Re Policy Strategy for Grant of Bail'માં નામ.સુપ્રિમકોર્ટ દ્વારા વંચાણે લીધા ક્રમાંક:૧ સામે દર્શાવેલ હુકમથી નિર્દેશ આપેલ છે કે, "આજીવન કેદની સજા પામેલ કેદીઓ રાજ્ય સરકારની નીતિ મુજબ વહેલી જેલમુક્તિ માટે પાત્રતા ધરાવતાં થાય ત્યારે કેદી અથવા તેઓના સંબંધી દ્વારા સજા માફી માટે અરજી કરવી જરૂરી નથી."

૨. નામ.સુપ્રિમકોર્ટના ઉપર્યુક્ત નિર્દેશને ધ્યાને લઇ રાજ્યની જેલોના આજીવન કેદની સજા પામેલ કેદીઓની વહેલી જેલમુક્તિ માટેની કાર્યવાહી કરવા આથી જણાવવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(મયુરસિંહ વાઘેલા)
નાયબ સચિવ
ગૃહ વિભાગ

પ્રતિ,

૧. પોલીસ મહાનિર્દેશક અને જેલોના ઇન્સ્પેક્ટર જનરલશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ.

૨. સર્વે જેલ અધીક્ષકશ્રી, મધ્યસ્થ/જિલ્લા/ખાસ/સબ/ઓપન જેલ( મારફતે પોલીસ મહાનિર્દેશક અને જેલોના ઇન્સ્પેક્ટર જનરલ શ્રી, અમદાવાદ)

૩. નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ

૪. શાખા સિલેક્ટ ફાઇલ